# વિભાગ - 1 ભાષા : Language

1. 'સુંદર-સુંદર' - આ પ્રકૃતિ ગીતના કવિ ધર્મેન્દ્ર માસ્તરનું ઉપનામ શું છે ?
   (1) ધૂમકેતુ (2) મધુરમ્ (3) જ્ઞાનબાલ (4) કાન્ત
2. પન્નાલાલ પટેલ લિખિત 'મહેનતનો રોટલો' એ પાઠ સાહિત્યનો કયો પ્રકાર છે ?
   (1) હાસ્યકથા (2) લોકકથા (3) બોધકથા (4) પ્રસંગકથા
3. નીચેનામાંથી કઈ કૃતિ નરસિંહ મહેતાની છે ?
   (1) સુંદર-સુંદર (2) રાનમાં (3) ગુજરાત મોરીમોરી (4) આજની ઘડી રળિયામણી
4. તરીયા તોરણ (શોભાના તોરણ)માં કયા વૃક્ષનાં પાન વપરાતાં નથી ?
   (1) આંબો (2) વડ (3) આસોપાલવ (4) નાળિયેર
5. સમાનાર્થી શબ્દનું કયું જોડકું સાચુ નથી ?
   (1) મહેનત - પરિશ્રમ (2) દોસ્ત - મિત્ર (3) વિશ્વ - દુનિયા (4) વિજેતા - હરિફ
6. શ્રી રઘુવીર ચૌધરીની પુરસ્કૃત સાહિત્ય કૃતિ કઈ ?
   (1) ઝુલતા મિનારા (2) સહરાની ભવ્યતા (3) ઉપરવાસ કથાત્રયી (4) પંચપુરાણ
7. 'એકતાથી જ શાંતિ મળે છે.' - તે અનુભવ બોધ માટે કઈ કહેવત વપરાય ?
   (1) જનસેવા એ જ પ્રભુસેવા (2) ક્ષમાધર્મ એ જ સાચો જીવનધર્મ
   (3) સંપ ત્યાં જંપ (4) મહેમાન એટલે ભગવાન
8. નીચેના વાક્યમાં કયો શબ્દ ક્રિયાવિશેષણ દર્શાવે છે ?
   "માતાએ તેના બાળકને વહાલપૂર્વક તેડી લીધું."
   (1) માતાએ (2) બાળકને (3) વહાલપૂર્વક (4) તેડી લીધું
9. નીચેના વાક્યમાં યોગ્ય વિરામ ચિહ્ન મૂકો.
   જોયું તો ઓજાર બધાં સોનાનાં
   (1) પૂર્ણ વિરામ (2) અલ્પવિરામ (3) પ્રશ્ન ચિહ્ન (4) ઉદ્‌ગાર ચિહ્ન
10. "રાતાં રાતાં રતનજી ઉપર લીલાં પાન, મૂળાના તે સગાભાઈ અથાણામાં માન." - આ ઉખાણાનો ઉકેલ કયો ?
    (1) મૂળો (2) ગાજર (3) બીટ (4) શક્કરીયું
11. નીચેના કયા સાહિત્યકારને 'ભારતીય જ્ઞાનપીઠ' પુરસ્કાર પ્રાપ્ત થયેલ નથી ?
    (1) ઈશ્વર પેટલીકર (2) પન્નાલાલ પટેલ (3) ઉમાશંકર જોષી (4) રાજેન્દ્ર શાહ
12. મનુબહેન ગાંધીજીને શું થતાં હતાં ?
    (1) પુત્રી (2) પૌત્રી (3) દોહિત્રી (4) ભત્રીજી
13. શબ્દસમૂહ માટે એક શબ્દ કયો ?
    'કન્યા પોતે વર પસંદ કરે તે માટેનો સમારંભ.'
    (1) મેળાવડો (2) લગ્નચોરી (3) વિવાહ મંડપ (4) સ્વયંવર
14. નીચેના વાક્યમાં લીટી દોરેલ શબ્દ ઓળખાવો.
    - તે ઘટાદાર વડલો આળસ મરડી ધીરેધીરે <u>ઊભો થયો</u>.
    (1) સંજ્ઞા (2) વિશેષણ (3) ક્રિયાવિશેષણ (4) ક્રિયાપદ
15. 'મેરુ, મંદરાચળ' વગેરે શાનાં નામ છે ?
    (1) નદીઓ (2) પર્વતો (3) નગરો (4) સરોવરો
16. કોઈ વ્યક્તિ કે વસ્તુ પોતાની કથા કહેતું હોય એ પ્રકારની રજુઆતવાળો નિબંધ કયા પ્રકારનો કહેવાય ?
    (1) વર્ણનાત્મક (2) ચિંતનાત્મક (3) આત્મકથાત્મક (4) ચરિત્રાત્મક
17. વિંધ્ય અને સાતપુડા પર્વતો વચ્ચેની ખીણમાંથી કઈ નદી વહે છે ?
    (1) તાપી (2) મહી (3) નર્મદા (4) સાબરમતી

18. 'હિંદમાતાને સંબોધન' કાવ્યમાં કવિ હિંદને કોની ભૂમિ તરીકે ઓળખાવે છે ?
(1) વેદોની (2) કૃષ્ણની (3) દેવોની (4) પુણ્યની

19. મહાત્મા ગાંધીજીએ કયું વિધાન કર્યું હતું ?
(1) સુંદર અક્ષરો એ હાથનું ઘરેણું છે.
(2) ખરાબ અક્ષરો એ અધૂરી કેળવણીની નિશાની છે.
(3) અક્ષર એ વ્યક્તિ જીવનનું, તેના વ્યક્તિત્વનું પ્રતિબિંબ છે.
(4) સુંદર અક્ષરો જ લખાણને દિપાવે છે.

20. કયા શબ્દની જોડણી સાચી છે ?
(1) ઊત્સૂક (2) શ્રધ્ધાંજલી (3) શીર્ષક (4) સામાજીક

21. 'અલ્લક દલ્લક' ઊર્મિગીતના કવિ કોણ છે ?
(1) બાલમુકુન્દ દવે (2) નટવર પટેલ (3) સંત બાલ (4) ઉમાશંકર જોષી

22. 'પરદેશ' શબ્દનો વિરૂધ્ધાર્થી શબ્દ કયો ?
(1) વિદેશ (2) સ્વદેશ (3) દેશાંતર (4) ત્રણમાંથી એકે નહીં

23. ખાલી જગામાં યોગ્ય સંયોજક મૂકો
રમેશ ગરીબ છે ............... તે અત્યંત પ્રામાણિક છે.
(1) એટલે (2) છતાં (3) અને (4) તેથી

24. 'ઊડે રે ગુલાલ' - કાવ્યમાં કયા ઉત્સવનું વર્ણન કરવામાં આવ્યું છે ?
(1) હોળી - ધૂળેટી (2) ઉતરાણ (3) દીવાળી (4) જન્માષ્ટમી

25. 'જનક <u>આ</u> દિશામાં ગયો.' - વાક્યમાં <u>આ</u> કયા પ્રકારનું વિશેષણ છે ?
(1) ગુણવાચક (2) સંખ્યાવાચક (3) દર્શક (4) પ્રશ્નવાચક

26. 'જનની' કાવ્યના લેખક કોણ છે ?
(1) કવિ દયારામ (2) કવિ બોટાદકર (3) કવિ આનંદ (4) કવિ કલાપી

27. 'મોતિયા મરી જવા' રૂઢિપ્રયોગનો અર્થ શો થાય ?
(1) છોભીલા પડવું (2) ફસાઈ જવું (3) હોશ ગુમાવવો (4) અવકૃપા થવી

28. 'ત્ર્યંબક' નામનું ધનુષ્ય કયા દેવનું હતું ?
(1) ઈન્દ્ર (2) વિષ્ણુ (3) શિવજી (4) બ્રહ્માજી

29. નીચેના પૈકી કયું વિધાન રવિશંકર લાગુ પડતું નથી ?
(1) રવિશંકર મહારાજ એટલે 'નિર્ભયતાની મૂર્તિ' (2) રવિશંકર મહારાજ એટલે 'મોટો રાજા'
(3) રવિશંકર મહારાજ એટલે 'મૂક સેવક' (4) રવિશંકર મહારાજ એટલે 'માણસાઈના દીવા'

30. નીચે આપેલા શબ્દોમાં એક શબ્દ અન્યથી જુદો પડે છે તે કયો ?
(1) ઘર (2) દરવાજો (3) સાબુ (4) દિવાલ

31. નાનાભાઈ ભટ્ટની આત્મકથાનું નામ શું ?
(1) બાનો ભીખુ (2) ઘડતર અને ચણતર (3) બિલ્લો ટિલ્લો ટપ (4) અદ્‌ભિઃ સંગઃ

32. "ભમીએ ગુજરાતે : દક્ષિણ ભણી" - આ કૃતિ, સાહિત્યનો પ્રકાર કયો ?
(1) હાસ્ય કથા (2) લોક કથા (3) દૃષ્ટાંત કથા (4) પ્રવાસ લેખ

33. કયા શબ્દની જોડણી સાચી નથી ?
(1) માતૃ સુખ (2) શિષ્યવૃત્તિ (3) આર્થિક (4) અસ્પૃશ્ય

34. 'ધીંગી ધરા, ધીંગા ધોરી, ધીંગા બોલ, ધીંગી બોલી." કયા પ્રદેશને લાગુ પડે છે ?
(1) ચરોતર (2) ચુંવાળ (3) ભાલ પ્રદેશ (4) કચ્છ

35. કયું વિધાન ડૉ. આંબેડકરને લાગુ પડતું નથી ?
(1) ભારતરત્નના ઉચ્ચ ખિતાબથી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.
(2) ભારતના બંધારણના ઘડવૈયા તરીકે ખ્યાતિ મેળવી હતી.
(3) તેમણે આશરે બે હજાર જેટલા દુર્લભ ગ્રંથો લખ્યા હતા.
(4) તેમનું સૂત્ર છે : 'શિક્ષત બનો, સંગઠિત બનો.'

36. ખાલી જગ્યામાં યોગ્ય સર્વનામ કયું આવશે ?
'પાર્થ ગ્રેજ્યુએટ થયો છે .............. પરીક્ષામાં સખત મહેનત કરી હતી.'
(1) તેને (2) તેણે (3) તેઓ (4) તેનાથી

37. નીચેના પૈકી કયો ડુંગર કચ્છનો નથી ?
(1) કાળો ડુંગર (2) ભુજિયો ડુંગર (3) બરડો ડુંગર (4) ધીણોધર ડુંગર

38. 'બીજા માટે દુ:ખ વેઠવાં' - આ અર્થ આપતો રૂઢિપ્રયોગ કયો ?
(1) પરસેવો પાડવો (2) જાત ઘસવી (3) વાતોનાં વડાં કરવાં (4) ઝંખવાણા પડવું

39. નીચે પૈકી કઈ કૃતિ, આપણી વિસરાતી જતી ગ્રામ-ચેતનાને ઊજાગર કરે છે ?
(1) પાદર (2) અખબારી નોંધ (3) ગ્રામ માતા (4) જનની

40. વિરૂધ્ધાર્થી શબ્દોનું કયું જોડકું સાચું નથી ?
(1) આભ - ધરતી (2) અજવાળું - અંધારુ (3) સુગમ - દુર્ગમ (4) નિર્ભય - નીડર

41. 'જીવરામ ભટ્ટ આવતી કાલે પોતાના ગામ જશે.' - આ વાક્યમાં કયો કાળ નિર્દેશ થાય છે ?
(1) વર્તમાનકાળ (2) ભૂતકાળ (3) ભવિષ્યકાળ (4) ત્રણમાંથી એકે નહીં

42. રવિશંકર વ્યાસને 'મહારાજ'નું બિરુદ કોણે આપ્યું હતું ?
(1) રાજાએ (2) બ્રાહ્મણોએ (3) લોકોએ (4) બહારવિટયાઓએ

43. કવિશ્રી કલાપીના 'ગ્રામ માતા' કાવ્યમાં કઈ ઋતુનું વર્ણન છે ?
(1) હેમંત (2) શિશિર (3) વસંત (4) શરદ

44. નીચે શબ્દના બે-બે સમાનાર્થી આપેલા છે, કયું જોડકું સાચું નથી ?
(1) રાજા - નૃપ, ભૂપ (2) સૂર્ય - ભાનુ, આદિત્ય (3) આંખ - ચક્ષુ, નયન (4) અનિલ - જ્યોત, જ્વાળા

45. "સસરાજી, એ દાણા લાવવા માટે આપને મારા પિયર ગાડાં મોકલવાં પડશે." - આ વિધાન કોણ બોલે છે ?
(1) સૌથી મોટી વહુ (2) સૌથી નાની વહુ (3) બીજા દીકરાની વહુ (4) ત્રીજા દીકરાની વહુ

46. 'રસોઈયો મહેમાનોને લાડુ પીરસે છે.' - આ વાક્યમાં કયા પ્રકારનું ક્રિયાપદ છે ?
(1) અકર્મક (2) સકર્મક (3) દ્વિકર્મક (4) ત્રણમાંથી એકય નહીં

47. નીચેના વાક્યમાંથી કયું પ્રશ્નવાક્ય છે ?
(1) રામ, લક્ષ્મણ અને સીતા વનમાં ગયાં. (2) તેણે મને કંઈ શિખવાડ્યું નહિ.
(3) તાના-રીરીએ કયો રાગ ગાયો હતો ? (4) વાહ ! કેટલું સુંદર દૃશ્ય !

48. નીચેના વાક્યમાં 'નામ' (સંજ્ઞા) દર્શાવતો શબ્દ કયો ?
'પેલો માણસ થરથર ધ્રુજી રહ્યો છે.'
(1) પેલો (2) માણસ (3) થરથર (4) ધ્રુજી રહ્યો છે

49. 'સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ' કયું તખલ્લુસ (ઉપનામ) ધરાવે હતા ?
(1) ધૂમકેતુ (2) પ્રેમભક્તિ (3) કલાપી (4) શેષ

50. શબ્દકોશના ક્રમમાં ગોઠવતાં ક્રમથી ત્રીજો શબ્દ કયો આવશે ?
આભ, ઔષધ, અધિકાર, એરણ, અંધકાર, અત્યંત
(1) અધિકાર (2) અત્યંત (3) આભ (4) અંધકાર

## વિભાગ - 2 સામાન્ય જ્ઞાન : GK

51. 'त्वदीय पाद पंकजम्, नमामि देवी नर्मदे' - આ નર્મદાષ્ટકમ્‌ના રચયિતા કોણ હતા ?
(1) પંડિત કૃપાચાર્ય (2) શ્રીમદ્ શંકરાચાર્ય (3) પંડિત ગર્ગાચાર્ય (4) શ્રી હેમચંદ્રાચાર્ય

52. પૂ. મહાત્મા ગાંધીજીનાં તમામ લખાણો કઈ ગ્રંથશ્રેણી રૂપે પ્રગટ થયાં છે ?
(1) હિંદ સ્વરાજ (2) મંગલ પ્રભાત (3) ગાંધીજીનો અક્ષરદેહ (4) સત્યના પ્રયોગો

53. ભૂમિતિના સિધ્ધાંત સ્થાપનાર ગણિતશાસ્ત્રીનું નામ શું ?
(1) યુક્લિડ (2) પાયથાગોરસ (3) રામાનુજમ્ (4) આર્યભટ્ટ

54. નર્મદા નદી ઉપર કઈ યોજના બંધાઈ છે ?
(1) કડાણા (2) ઉકાઈ (3) ધરોઈ (4) સરદાર સરોવર

55. ઈ.સ. 1970-71 માં કચ્છના કયા ગામે પુરાતત્ત્વીય પુરાવ મળ્યા છે ?
(1) ભૂજ (2) અંજાર (3) ધોળાવીરા (4) ધીણોધર

56. નીચેનામાંથી કયું ગૃહ કાયમી છે ? એટલે કે સમગ્ર ગૃહની ચૂંટણી થતી નથી ?
(1) લોકસભા (2) રાજ્યસભા (3) વિધાનસભા (4) ત્રણેય

57. નીચેનામાંથી પન્નાલાલ પટેલની સાહિત્યકૃતિ કઈ ?
(1) ભારેલો અગ્નિ (2) ગુજરાતનો નાથ (3) મળેલા જીવ (4) ચૌલાદેવી

58. ગુજરાત રાજ્યની સ્થાપના થતાં પ્રથમ રાજ્યપાલ કોણ બન્યાં ?
(1) જીવરાજ મહેતા (2) મહેંદી નવાજ જંગ (3) કમલા બેનીવાલ (4) નવલકિશોર શર્મા

59. નીચેનામાંથી ભારતનું સર્વોચ્ચ સન્માન કયું ?
(1) પદ્મશ્રી (2) પદ્મભૂષણ (3) પદ્મ વિભૂષણ (4) ભારત રત્ન

60. આપણી પૃથ્વીના નજીકના ગ્રહ મંગળ ઉપર પ્રથમ સફળ અવકાશયાન મોકલનાર દેશ કયો ?
(1) અમેરિકા (2) રશિયા (3) ભારત (4) ચીન

61. મહાશિવરાત્રીએ ગુજરાતમાં કયા સ્થળે ભવ્ય મેળો ભરાય છે ?
(1) તરણેતર (2) ભવનાથ (3) વૌઠા (4) શામળાજી

62. કયા યુદ્ધના પરિણામે મરાઠી સત્તાનું પતન થયેલું ?
(1) પ્લાસીનું યુદ્ધ (2) પાણિપતનું ત્રીજુ યુદ્ધ (3) બકસરનું યુદ્ધ (4) તાલિકોટાનું યુદ્ધ

63. ભારતમાં આવેલ નાગાધિરાજ હિમાલયનું ઊંચું શિખર કયું ?
(1) એવરેસ્ટ (2) કાંચન જંગા (3) નંદાદેવી (4) કેદારનાથ

64. ભારતની સૌથી મોટી સિવિલ હોસ્પીટલ ક્યાં આવેલી છે ?
(1) મુંબઈ (2) દિલ્હી (3) અમદાવાદ (4) ચેન્નાઈ

65. કયા વિટામીનના અભાવે દાંતનો રોગ - સ્કર્વી થાય છે ?
(1) વિટામીન - એ (2) વિટામીન - બી (3) વિટામીન - સી (4) વિટામીન - ડી

66. ગુરુપૂર્ણિમાનો તહેવાર ભારતમાં કઈ તિથિએ ઉજવાય છે ?
(1) અષાઢ સુદ પૂનમ (2) શ્રાવણ સુદ પૂનમ (3) ભાદરવી પૂનમ (4) આસો સુદ પૂનમ

67. રામ-લક્ષ્મણને યજ્ઞની રક્ષા કરવા કયા ઋષિ લઈ ગયા હતા ?
(1) વશિષ્ઠ (2) કશ્યપ (3) વિશ્વામિત્ર (4) ભારદ્વાજ

68. 'ભારતના બિસ્માર્ક'નું બિરુદ કોને મળેલું છે ?
(1) જવાહરલાલ નહેરુ (2) સરદાર વલ્લભભાઈ પટેલ
(3) મહાત્મા ગાંધીજી (4) મોરારજીભાઈ દેસાઈ

69. ચોમાસામાં દેખાતા મેઘધનુષ્યમાં વચ્ચે કયો રંગ હોય છે ?
(1) લાલ (2) જાંબલી (3) પીળો (4) લીલો

70. શ્રીકૃષ્ણ, બલરામ અને સુદામાને કોણે વિદ્યાભ્યાસ કરાવેલો ?
(1) પારાશર (2) દ્રોણાચાર્ય (3) સાંદીપનિ (4) પરશુરામ

71. નીચેના પૈકી કયો તહેવાર ધાર્મિક નથી ?
(1) મહા શિવરાત્રી (2) જન્માષ્ટમી (3) મકરસક્રાન્તિ (4) રમજાન ઈદ

72. વિસ્તારની દષ્ટિએ ગુજરાતનો સૌથી મોટો જિલ્લો કયો ?
(1) ગીર સોમનાથ (2) અરવલ્લી (3) બનાસકાંઠા (4) કચ્છ

73. અમેરિકાના શિકાગો શહેરમાં ભરાયેલ સર્વધર્મ પરિષદમાં કોણે સનાતન ધર્મનો ડંકો વગાડ્યો હતો ?
(1) રામકૃષ્ણ પરમહંસ (2) સ્વામિ વિવેકાનંદ (3) સ્વામિ શિવાનંદ (4) દયાનંદ સરસ્વતી

74. ગાણિતિક સંખ્યા 10000000 ($10^7$) ને ભારતીય અંક શબ્દ કયો ?
(1) દશ લાખ (2) એક અબજ (3) એક કરોડ (4) એક લાખ

75. ગુર્જરીગિરામાં 'મૂંછાળી મા'નું ઉપનામ કોને મળેલું છે ?
(1) ગિજુભાઈ ત્રિવેદી (2) મનુભાઈ પંચોલી (3) ગૌરીશંકર જોષી (4) ગિજુભાઈ બધેકા

76. પૂર્વ અને દક્ષિણ દિશા વચ્ચે આવેલા ખૂણાનું નામ શું ?
(1) ઈશાન (N - E) (2) અગ્નિ (S - E) (3) નૈઋત્ય (S - W) (4) વાયવ્ય (N - W)

77. કયા ભારતીય વૈજ્ઞાનિકને 'નોબેલ પ્રાઈઝ' મળેલું ?
(1) આચાર્ય પ્રફુલ્લચંદ્ર રે (2) સર જગદીશચંદ્ર બોઝ (3) સર સી. વી. રામન (4) ડૉ. હોમી જહાંગીર ભાભા

78. "જય જવાન - જય કિસાન" આ સૂત્ર કોણે આપેલું ?
(1) સુભાષચંદ્ર બોઝ (2) લાલબહાદુર શાસ્ત્રી (3) જવાહરલાલ નહેરુ (4) શ્રીમતી ઇંદિરા ગાંધી

79. આર્ય સમાજની સ્થાપના કરનાર મહાનુભાવ કોણ હતા ?
(1) સ્વામિ દયાનંદ સરસ્વતી (2) રાજારામ મોહનરાય (3) સ્વામિ વિવેકાનંદ (4) રામકૃષ્ણ પરમહંસ

80. ઈ.સ. 1757માં લડાયેલ પ્લાસીના યુદ્ધમાં કોનો વિજય થયેલો ?
(1) સિરાજ-ઉદ્-દૌલા (2) મીર કાસીમ (3) મીર જાફર (4) લોર્ડ ક્લાઈવ

81. ભારતની મહિલા દોડવીર તરીકે કોનું ના જાણીતું છે ?
(1) સુનિતા વિલિયમ (2) કલ્પના ચાવલા (3) પી. ટી. ઉષા (4) નિરજા ભાણોત

82. 'મહાત્મા મંદિર' ગુજરાતના કયા સ્થળે નિર્માણ પામ્યું છે ?
(1) અમદાવાદ (2) વડોદરા (3) ગાંધીનગર (4) પોરબંદર

83. નીચેનામાંથી ગુજરાતનું કયુ ગિરિમથક હવાખાવાના સ્થળ તરીકે વિકસિત થઈ રહ્યું છે ?
(1) પાવાગઢ (2) ગિરનાર (3) ચોટિલા (4) સાપુતારા

84. કયું નગર, ભારતનું 'ગુલાબી શહેર' તરીકે પ્રખ્યાત છે ?
(1) જયપુર (2) ઉદેપુર (3) જોધપુર (4) જેસલમેર

85. ભારતમાં પ્રથમ રેલ્વે ક્યાં નંખાઈ હતી ?

(1) મુંબઈ - પૂના (2) અમદાવાદ - વડોદરા (3) મુંબઈ - થાણા (4) મુંબઈ - મદ્રાસ

86. પ્રજાસત્તાક ભારતના પ્રથમ રાષ્ટ્રપ્રમુખ કોણ બન્યા હતા ?

(1) ચક્રવર્તી રાજગોપાલાચારી (2) ડૉ. રાજેન્દ્રપ્રસાદ

(3) જવાહરલાલ નહેરુ (4) સરદાર વલ્લભભાઈ પટેલ

87. કઈ રમતમાં અવેજી સાથે ખેલાડીઓની સંખ્યા (7 + 5) બાર હોય છે ?

(1) ખો-ખો (2) ક્રિકેટ (3) હોકી (4) કબડ્ડી

88. માતાજી મહાકાલીનું પ્રખ્યાત મંદિર કયા સ્થળે છે ?

(1) ચોટિલા (2) આરાસુર (3) પાવગઢ (4) મરતોલી

89. તાપી નદી ઉપર કઈ યોજના નિર્માણ પામી છે ?

(1) ધરોઈ યોજના (2) ઉકાઈ યોજના (3) કડાણા બંધ (4) વણાકબોરી બંધ

90. ગુજરાત રાજ્યના વિધાનસભ્યોની કુલ સંખ્યા કેટલી ?

(1) 180 (2) 181 (3) 182 (4) 185

91. ભારતના કોઈપણ રાજ્યના રાજ્યપાલની નિમણૂંક કોણ કરે છે ?

(1) વડાપ્રધાન (2) મુખ્ય પ્રધાન (3) રાષ્ટ્રપતિ (4) ઉપરાષ્ટ્રપતિ

92. નીચેના પૈકી વલયો ધરાવતો સુંદર ગ્રહ કયો ?

(1) શુક્ર (2) ગુરૂ (3) યુરેનસ (4) શનિ

93. નીચેનામાંથી કયો અવયવ પાચનતંત્રનો છે ?

(1) હૃદય (2) ફેફસાં (3) મૂત્રપિંડ (4) યકૃત

94. 'ડૂક મારવી' - આ કૌશલ્ય કઈ રમતની છે ?

(1) હોકી (2) ક્રિકેટ (3) ખો-ખો (4) બિલિયર્ડ

95. શતરંજની રમતમાં સૌથી શક્તિશાળી મ્હોરું કયું ?

(1) રાજા (2) વજીર (3) હાથી (4) ઘોડો

96. ગુજરાતના ખ્યાતનામ કલાગુરૂ શ્રી રવિશંકર રાવળ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા છે ?

(1) સંગીતકલા (2) શિલ્પકલા (3) ચિત્રકલા (4) નૃત્યકલા

97. નીચેનામાંથી કઈ વનસ્પતિ ઘરગથ્થુ ઔષધ તરીકે ઉપયોગમાં આવે છે ?

(1) અરડુસી (2) અંગાડી (3) બોરડી (4) ગાજર

98. ગુજરાતનું પ્રખ્યાત સૂર્યમંદિર ક્યાં આવેલું છે ?

(1) પાટણ (2) સિધ્ધપુર (3) મોઢેરા (4) જૂનાગઢ

99. ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામની લાલ-બાલ-પાલ ત્રિપુટીમાં આ બાલ કોણ ?

(1) લજપતરાય (2) બિપિનચંદ્ર (3) લોકમાન્ય તિલક (4) ગોપાલકૃષ્ણ ગોખલે

100. ગુજરાતના કયા જિલ્લામાંથી કર્કવૃત્ત પસાર થતું નથી ?

(1) કચ્છ (2) સાબરકાંઠા (3) બનાસકાંઠા (4) અરવલ્લી

• • •